Volume-3, Issue-04, April 2016 ISSN: 2349-7637 (Online)

**RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)**

Research Paper

Available online at: www.rhimrj.com

# કુમારસંભવમાં શિવતત્ત્વ વિમર્શ (સર્ગ ૧ થી ૭)

પ્રિ. ડૉ. મહેશ કે મહેતા
શ્રીમતી સી.આર.ગાર્ડી આર્ટસ કોલેજ,મુનપુર
તા.કડાણા જિ.-મહિસાગર, ગુજરાત ૩૮૯૨૪૦

---

સૃષ્ટિની ઉત્પત્તિથી લઈને વેદ,ઉપનિષદ્,પુરાણ,અને સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં શિવ બિરાજમાન છે.શિવ જગતના સર્જક,પાલક અને સંહારક તરીકે વર્ણવાયા છે.વેદોમાં શિવને રુદ્ર તરીકે ઓળખવામાં આવે છે.અને આ રુદ્ર એ જ મહાદેવ.આ શિવ ઉત્પાદક શકિત ના કારણે લિંગ રૂપે પૂજાય છે અને એ જ રૂપે ઉત્પાદક શકિતના બીજા સ્ત્રી શકિતના રૂપ તરીકે યોનીના ચિહ્રન તરીકે પણ તેમની પૂજા થાય છે.તે સદા ઉગ્ર તપ કરનાર મહાન તપસ્વી છે. ઉગ્ર તપથી જ તેઓ બ્રહ્મરૂપ પામ્યા છે.ભૂત,પિશાચ વગેરે યોનિઓના અધિપતિ હોઈ તેમને ભૂતપતિ કહેવામાં આવે છે.તેમનો વાસ સ્મશાનમાં હોય છે.ધનુષ અને ત્રિશૂળ તેમના મુખ્ય આયુધો છે. સંહારક હોવા છતાં સ્વભાવે બહુ ભોળા અને દયાળુ છે. તેથી જ તો ભોલેનાથ કહેવાય છે.શિવ ત્રણેય સ્વરુપે સાકાર,નિરાકાર અને અસ્તિત્વવાદી રૂપે આ સૃષ્ટિમાં બિરાજમાન છે.

રામાયણ,મહાભારત અને પુરાણોમાં શિવના વ્યાપક સ્વરૂપે દર્શન થાય છે.શિવના અનેક સ્તોત્ર પ્રાપ્ત થાય છે. જેમાં શિવના અપાર મહિમાના દર્શન થાય છે.શિવના હજાર નામો એ જ એમની શ્રેષ્ઠતાને સિદ્ધ કરે છે.

આવા મહાન શિવતત્વથી સંસ્કૃતના મહાન નાટયકાર કાલિદાસ અલિપ્ત કઈ રીતે રહી શકે.કાલિદાસે પોતાના નાટકોની નાન્દીમાં શિવનો મહિમા વર્ણવી તેમને નમન કર્યા છે.કાલિદાસ પોતે શૈવ સંપ્રદાયી હતા.માત્ર નાન્દીમાં શિવની આરાધના કરીને તે સંતોષ માનતા નથી.શિવ-પાર્વતી પ્રત્યેના અહોભાવને વ્યકત કરવા જ તેમણે કુમારસંભવ મહાકાવ્યની રચના કરીને ભારતીય સંસ્કૃતિને શુદ્ધ-પવિત્ર વૈવાહિક જીવનનો સંદેશ આપ્યો છે.શિવ પાર્વતીના યોગ દ્વારા ધર્મયુકત કામને સંસારના ઉદ્ધાર માટે કાલિદાસે વર્ણવ્યો છે.

આર.ડી.કરમાકરના વિધાનને ટાંકતા ડૉ.ગૌતમ પટેલે નોંધ્યું છે કે ભવ્ય ઉદ્દેશો તેના જેટલા ભવ્ય બલિદાનો માંગી લે છે. પાર્વતી ઉચ્ચૈઃપદલઙ્ઘલનોત્સુકા હતી.એટલા માટે જ તે ઈપ્સિત અર્થને સિદ્ધ કરે તે પહેલા અકથ્ય મુશ્કેલીઓમાંથી પસાર થવું પડયું.જે કાંઈ સરળતાથી પ્રાપ્ત થાય છે તે સ્વીકાર્ય હોતું નથી.આ કુમારસંભવનો સંદેશ છે.૧

કુમારસંભવના પ્રથમ અધ્યાયથી જ કવિએ શિવ-કલ્યાણ તત્ત્વની શરૂઆત કરી છે.હિમાલયની ભવ્યતા અને કલ્યાણકારિતાને કવિએ શરૂઆતમાં વર્ણવી છે.પ્રથમ શ્લોકમાં જ સારાંશ આવી જાય છે.

अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः।
पूर्वापरौ तोयनिधी वगाह्य स्थितः पृथिव्या इव मानदण्डः ॥२

પાર્વતીના જન્મ વર્ણનને પણ કાલિદાસે શુભ-મંગલકારી ભાવનાથી વર્ણવ્યો છે.

मन्दाकिनीसैकतवेदिकाभिः सा कन्दुकैः कुस्त्रमपत्रकैश्च ।
रेमे मुहुमध्यगता सखीनां क्रीडारसं निर्विशतीव बाल्ये ॥३

કાલિદાસે કહ્યું છે કે આ પાર્વતીને જન્મથી જ બધી વિદ્યાઓ સામે આવીને મળી.૪ આમ કાલિદાસ કમારસંભવના પ્રારંભથી જ શિવ-કલ્યાણને પ્રાધાન્ય આપી આગળ વધી રહયા છે.પ્રથમ અધ્યાયમાં કાલિદાસે પાર્વતીના અપ્રતિમ સૌંદર્યને વર્ણવ્યું છે.તે જ સૌંદર્યને આગળ જતાં વ્યર્થ સાબિત કર્યુ છે.નિનિન્द रुपं हृदयेन पार्वती । આમ આંતરિક સૌંદર્ય જ શિવ-કલ્યાણકારી છે.તેને પ્રાપ્ત કરવા સૌ એ પ્રયત્ન કરવાનો છે પાર્વતી ની માફક.

કુમારસંભવના પ્રારંભમાં બ્રહ્માએ દેવોને જણાવ્યું કે શિવ વિના તારકાસુરને નાથવા કોઈ સમર્થ નથી. બ્રહ્મા પોતે શિવની પ્રશંસા કરતાં કહે છે કે શિવ એ અંધકારથી પર એવી ઉત્તમ જયોતિ છે કે મારાથી અને વિષ્ણુંથી તેમના પ્રભાવનું પરિણામ જાણી શકાતું નથી.આમ સ્વયં બ્રહ્માએ જ શિવના ગૂઢ અને વ્યાપક સ્વરૂપને વર્ણવ્યું છે. બ્રહ્માએ દેવોને કહ્યું કે શિવના વિર્યને યોગ્ય સ્થળે સ્થાપવામાં આવે તો જ તારકાસુર નો નાશ થઈ શકે તેમ છે. આમ અહી શિવની રુદ્‌તા,પરાક્રમતા અને વિનાશકારીતા અને શ્રેષ્ઠ સર્જન શકિતનો પરિચય થાય છે.

તૃતીય સર્ગમાં ઈન્દ્ર કામદેવને શિવનો વિશાળ પરિચય આપતાં શિવને વેદ અને વદાંગોના પ્રભવરૂપ,બ્રહ્મમાં મનને સ્થિર કરનારા સંયમી કહયા છે. દેવોને કામદેવ પર વિશ્વાસ છે કે તે શિવ-પાર્વતી ને જોડી શકશે.આમ કામદેવને જવાબદારી સોંપી તેઓ નિશ્ચિંત બની ગયા. દેવોને થયું કે શિવ પાર્વતી સાથે માયાજાળથી બંધાઈ જશે.કામદેવ પણ પોતાની જાત પર વિશ્વાસ હતો કે પોતે આ કાર્યને સરળતાથી કરી શકશે.કામદેવ પોતાના સૈન્ય સાથે શિવના સમાધિ સ્થળે ધસી ગયા.અપ્સરાઓ ગીતો ગાતી હોવા છતાં મહાદેવ સમાધિમાં લીન રહયા.વિઘ્નો આત્મ સંયમીઓની સમાધિમાં ભંગ પડાવવા શકિતમાન બનતા નથી.

श्रुताप्सरोगीतिरपि क्षणेऽस्मिन् हरःप्रसंख्यानपरो बभूव ।
आत्मेश्वराणां न हि जातु विघ्नाः समाधिभेदप्रभवो भवन्ति ॥

એટલે જ શિવ સ્થાણું છે. કામદેવે શિવને જોયા તો તે સમયે શિવ સમાધિસ્થ હતા.પોતાની જટાને તેમણે સર્પો વડે બાંધી હતી. કાનમાં રુદ્રાક્ષની માળા,મૃગચર્મને ધારણ કરેલા,સ્થિર ઉગ્ર કીકીઓવાળા,નાસીકાને લક્ષ્ય બનાવતા,પવન વિનાના સ્થાનમાં રહેલ સ્થિર દીવા જેવા,નવદ્વારથી નિવૃત્તિવાળા.શિવને જોઈ કામદેવનું ધનુષ હાથમાંથી સરકી ગયું.ધનુષનું હાથમાંથી સરકી જવુ એ જગતના કલ્યાણનું સૂચક છે. શિવનો બાહ્ય યોગવૈભવ પણ આંતરિક યોગવૈભવથી ઉતરતો ન હતો. તેથી જ તો કામદેવની હાલત કફોડી થઈ ગઈ.

શિવના કઠોર સ્વરુપને સૌ જાણે જ છે પરંતું શિવ સ્વભાવે અતિ મૃદુ પણ છે.આ મૃદુભાવને કારણે જ મદન સંમોહન બાણથી તેમને ચલિત કરવા ઉદ્ધત થયો. શિવે દિશાઓ સુધી દૃષ્ટિ નાખી અર્થાત્ પોતાના ચિત્ત વિકારને જાણવા ખૂબ મથામણ કરી કામદેવે જ્યારે સંમોહન નામનું બાણ ચડાવ્યું અને શિવ ચલિત થયા ત્યારે શિવે તરત જ પોતાના તપોબળથી ચિત્તવિકારનું કારણ જાણી લીધું અને કામદેવને ભસ્મીભૂત કરી દીધો.આ શિવ દ્વારા કાલિદાસ સાંસારીક ભોકતાઓને કહે છે કે વ્યકિતએ જાતે જ પોતાનું મૂલ્યાંકન કરવું જોઈએ અને મૂલ્યાંકન કરતા જે દોષો જણાય તેને તરત જ ધડમૂળથી નાશ કરવાનો ઉપાય કરવો જોઈએ. ગીતા પણ કહે છે કે...

उद्धरेदात्मनाऽऽत्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः॥ ८

તૃતીય અધ્યાયમાં શિવ મોટે ભાગે યોગી તરીકે રજૂ થયા છે.

પાંચમો સર્ગ એ કુમારસંભવમ્ મહાકાવ્યનો વિશિષ્ટ સર્ગ છે. આ અંકમાં કાલિદાસની સંવાદાત્મક કાવ્યશૈલીની સાથે-સાથે શિવનું બ્રહ્મચારીસ્વરુપે પાર્વતીની સમક્ષ ઉપસ્થિત થવું તે અને તેમનું મૂળ સ્વરુપ એ બે સ્વરુપોનો સમન્વય અહીં જોવા મળે છે.પાર્વતી તપની પરાકાષ્ટાએ હતી એ જ વખતે કાલિદાસે શિવને બ્રહ્મચારીના વેશે તપોવનમાં પ્રવેશ કરાવી શિવની અદ્ભૂતતાને નિરુપતા કહ્યું છે કે........

अथाजिनाषाढधरः प्रगल्भवाग्ज्वलन्नि ब्रह्ममयेन तेजसा ।
विवेश कश्चिज्जटिलस्तपोवनं शरीरबद्धः प्रथमाश्रमो यथा ॥९

બ્રહ્મચારીસ્વરુપે શિવના દેહનો પ્રભાવ જ એવો હતો કે પાર્વતી સામે ચાલીને અતિથિસત્કાર કરવા ગઈ.હવે અહીં શિવ પાર્વતી સાથે જે સંવાદ કરે છે તેમાં શ્રેષ્ઠ માનવઋષિના દર્શન થાય છે. આમ માનવસહજ ભાવોને કાલિદાસે શિવના માધ્યમ દ્વારા સુંદર રીતે નિરુપ્યા છે.શિવ પાર્વતીને તપને લગતા અનેક પ્રકારના પ્રશ્નો પૂછે છે.આમ પ્રશ્નોત્તરી દ્વારા શિવ પોતે જે કાર્ય માટે પાર્વતી સમક્ષ ઉપસ્થિત થાય છે તે દિશામાં જવાનો તેમનો પ્રયત્ન છે.પાર્વતીને તપને લગતા પ્રશ્નો કરી શિવ પાર્વતીનો વિશ્વાસ પ્રાપ્ત કરે છે અને પોતાને જુદો ન ગણવા કહે છે.પાર્વતી ગુસ્સે ન થાય અથવા તેમની વાત સાંભળતા અટકે નહી એટલે શિવ પોતાને ચંચળ જણાવી વધારે પ્રશ્નો કરે છે.આમાં શિવની પ્રશ્નો કરવાની તરકીબ અને પ્રશ્નોની મધુરતા એવી છે કે કોઈને પણ સાંભળવા ગમે.પ્રશ્નોમાં પણ તે પાર્વતીની પ્રશંસા કરે છે.જેમકે..

कः करं प्रसारयेत्पन्नगरत्नसूचये ।१०
न रत्नमन्विष्यति मृग्यते हि तत् ।११

પોતાનું અડધું તપ આપીને પાર્વતીના મુખે તેના પતિનું નામ જાણવા શિવ પ્રયત્ન કરે છે.પાર્વતીની સખી પાસેથી પાર્વતીના ઈચ્છિત પતિનું નામ જાણવા છતાં તેઓ પાર્વતીને શું આ બધું અસત્ય છે કે મજાક છે ? કહી પાર્વતી પાસે જ ઈચ્છિત વર (પોતે છે તે) જાણી લે છે. અને તે જાણ્યા પછી પોતે બ્રહ્મચારીના સ્વરુપે રહેલ તે પોતે પોતાની જ નિંદા કરી પાર્વતીના તપની પરીક્ષા લે છે.આમ અહી શિવ રુદ્ છે તેવું કયાંય જણાતું જ નથી.અહી તો એમની મૃદુતા,કોમળતા,પ્રેમમયતા અને વિનમ્રતાજ જોવા મળે છે.

કાલિદાસે પાંચમા સર્ગના અંતે પાર્વતીના મુખે જ શિવના વિશાળ સ્વરુપનું,તેમના મહિમાના,લીલાના,કાર્યોના,પ્રભાવોના સુંદર રસિક શૈલીમાં વર્ણન કરી બ્રહ્માની પણ ઉત્પત્તિના દાતા શિવ છે એમ જણાવ્યું છે. અંતે બ્રહ્મચારી એ કરેલી શિવ નિંદાથી અપ્રસન્ન થઈ પાર્વતી ત્યાંથી ચાલી જવા તત્પર બને છે.ત્યારે શિવ


*2016, RHIMRJ, All Rights Reserved*

*ISSN: 2349-7637 (Online)*

પાર્વતિનો હાથ પકડી પોતાના મૂળ સ્વરુપે જાહેર થઈ तवास्मि दासः કહી પાર્વતીના પ્રેમનો,તપનો સ્વીકાર કરે છે. આમ બ્રહ્મચારી પ્રસંગનું ગ્રથન કાલિદાસને સાચા અર્થમાં સર્વોત્કૃષ્ટતા પ્રદત્ત કરે છે.વળી કોઈ પણ વ્યકિત સાથે કઈ રીતે વાત કરવી તેની ઉત્તમ પદ્ધતિ જોવા મળે છે.

ષષ્ઠમ્ અધ્યાયમાં શિવ પાર્વતી સાથે લગ્નોત્સુક બન્યા છે તે જણાય છે. અને તેથી જ ઋષિઓને હિમાલયની પાસે લગ્નનો પ્રસ્તાવ લઈને મોકલે છે.ઋષિઓ શિવ સમક્ષ ઉપસ્થિત થતા તેમણે કરેલું શિવનું વર્ણન શિવની સર્વવ્યાપકતા,સર્જનાત્મકતા અને સંહારશકિતના દર્શન થાય છે.શિવનું સ્વરુપ એટલું વિશાળ છે કે તે ઋષિઓની બુદ્ધિના માર્ગમાં પણ આવતું નથી.

साक्षाद् दृष्टोऽसि न पुनर्विह्मस्त्वां वयमज्जसा ।
प्रसीद कथयात्मानं न धियां पथि वर्तसे ॥१२

શિવની કોઈ પ્રવૃત્તિ સ્વાર્થ માટે હોતી નથી.પાર્વતી સાથે લગ્નથી જોડાવું એ પણ જગતના કલ્યાણ માટે છે માત્ર દેવોને તારકાસુરના ત્રાસમાંથી છોડાવવા માટે નહી.ઋષિઓએ હિમાલય સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂકતા પહેલા શિવ અદ્વિતીય છે કહી શિવને દેવાધિદેવ કહ્યા છે.છટ્ઠા અધ્યાયના અંતમાં લગ્નનું મુહૂર્ત ત્રણ દિવસ પછી છે એમ જાણતા શિવ આ ત્રણ દિવસો મહામુશ્કેલીએ પસાર કરે છે.આમ અહી શિવ માનવીય ભાવ અનુભવે છે.

સાતમા સર્ગમાં શિવ લગ્ન શણગારનો ત્યાગ કરે છે અને પોતાનો સ્વાભાવિક વેશ જ ધારણ કરે છે.ભસ્મ,ગજચર્મ,તિલક,સાપ,ચંદ્ર જ ધારણ કરે છે. એ અર્થમાં તે સાચા યોગી છે.શિવ જયારે જાનૈયાઓ સાથે ઔષધિપ્રસ્થમાં પહોંચ્યા ત્યારે ત્યાંની સ્ત્રીઓએ કરેલું શિવવર્ણન ખરેખર અદ્ભૂત છે.

**સંદર્ભ :**

१ कुमारसंभवम्  - डॉ.गौतम पटेल  निलम प्रकाशन,अहमदाबाद, पृष्ठ – २८
२ कुमारसंभवम् सर्ग-१-१
३ कुमारसंभवम् सर्ग-१-२९
४ तां हंसमालाः शरदीव........प्राक्तनजन्मविद्याः। १-३०
५ कुमारसंभवम् सर्ग-३-४०
६ श्रीमद्भगवद्गीता अध्याय – ६-१९
७ श्रीमद्भगवद्गीता अध्याय – ५-१३
८ श्रीमद्भगवद्गीता अध्याय – ६-५
९ कुमारसंभवम् सर्ग-५-३०
१० कुमारसंभवम् सर्ग-५-४३
११ कुमारसंभवम् सर्ग-५-४५
१२ कुमारसंभवम् सर्ग-६-२२



*2016, RHIMRJ, All Rights Reserved*  *ISSN: 2349-7637 (Online)*